BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

**પરીપત્ર**

**વિષય : યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમિયાન ઓબ્ઝર્વર/સ્કવોડમાં જનાર અધ્યાપકોના નામની યાદી મોકલવા બાબત.**

યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના આચાર્યશ્રીઓને આથી ઉપરોક્ત વિષયે માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા વિવિધ થીયરી પરીક્ષાઓનું જુદા-જુદા તબક્કાવાર આયોજન કરવામાં આવે છે જેમાં પરીક્ષા દરમિયાન કોઇપણ પરીક્ષા કેન્દ્ર પર ગેરરીતિ કે ગેરવર્તણૂક ના થાય તે હેતુથી યુનિવર્સિટી દ્વારા ચાલુ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર પર ઓબ્ઝર્વર/સ્કવોડ મોકલવામાં આવે છે. આ ફરજ બજાવવા માટે યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના અધ્યાપકોની ઓબ્ઝર્વર/સ્કવોડ તરીકે નિમણૂક કરવામાં આવતી હોય છે જેને અનુલક્ષીને અધ્યક્ષશ્રીઓએ તેમજ આચાર્યશ્રીઓએ પોતાના ભવન/કોલેજોના વધુમાં વધુ અધ્યાપકોને સ્કવોડમાં ગોઠવવાના રહેશે જેથી પરીક્ષા સૂચારૂ રીતે પાર પાડી શકાય તેમજ પરીક્ષા શુદ્ધિ યજ્ઞમાં ફરજીયાત ઓબ્ઝર્વર/સ્કવોડની ટીમ ફાળવવા સાથ સહકાર આપવા નમ્ર વિનંતિ.

વધુમાં જણાવવાનું કે, આગામી સમયમાં યોજાનાર તમામ થીયરી પરીક્ષાઓ માટે આ પરીપત્ર લાગુ પડશે તેમજ હવેથી ઉપરોક્ત વિષયને અનુલક્ષીને અન્ય પરીપત્ર કરવામાં ના આવે ત્યા સુધી આ પરીપત્ર માન્ય રહેશે જેથી તમામ ભવનો/કોલેજોએ આ પરીપત્ર પોતાના રેકોર્ડમાં સાચવીને રાખવાનો રહેશે. યુનિવર્સિટીની વેબસાઈટ પર પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થયેથી અધ્યક્ષશ્રીઓએ તેમજ આચાર્યશ્રીઓએ પોતાના ભવન/કોલેજોના પરીક્ષા દરમિયાન ઓબ્ઝર્વર/સ્કવોડમાં જનાર અધ્યાપકોના નામની યાદી નીચે મુજબના પત્રકમાં ભરીને (સોફ્ટ કોપી) પરીક્ષા વિભાગના ઇ-મેઇલ આઇ.ડી. exambknmu@gmail.com પર મોકલી આપવાની રહેશે. પરીક્ષા કેન્દ્ર અંગેની માહિતી પરીક્ષાના આગળના દિવસે અધ્યક્ષશ્રી/આચાર્યશ્રીના મોબાઇલ નંબર પર મેસેજ મારફત આપવામાં આવશે. અધ્યક્ષશ્રી/આચાર્યશ્રી દ્વારા ટીમ લીડર તેમજ સભ્યનો ઓર્ડર સહી, સીક્કો તેમજ ભવન/કોલેજ દ્વારા આઉટવર્ડ નંબર આપી ઓર્ડર આપવાનો રહેશે. ઓબ્ઝર્વર/સ્કવોડના બીલ જમા કરાવતી વખતે સભ્યનો ઓર્ડર અચુકપણે જોડવાનો રહેશે. ઓબ્ઝર્વર/ સ્કવોડના બીલોની આ મુજબની ગોઠવણી કરવાની રહેશે. (૧) ટીમ લીડર તથા ટીમ મેમ્બરના બીલ (૨) આર.સી. બુકની નકલ (જો વાહનની નોંધણી અત્રેની યુનિ. ખાતે કરાવવાની બાકી હોય તો) (૩) ઓબ્ઝર્વર રીપોર્ટ (૪) હાજર-ગેરહાજર રીપોર્ટ (૫) સ્થળ સંચાલકશ્રીનો સંયુક્ત અહેવાલ (૬) ઓર્ડરની નકલ.

<table>
<tr><td colspan="5">કોલેજનું નામ :</td></tr>
<tr><td colspan="5">આચાર્યશ્રીનું નામ તેમજ મોબાઇલ નંબર :</td></tr>
<tr><td>ક્રમ</td><td>તારીખ</td><td>અધ્યાપકનું નામ</td><td>મોબાઇલ નંબર</td><td>ઇ-મેઇલ આઇ.ડી.</td></tr>
<tr><td rowspan="2">(1)</td><td rowspan="2"></td><td>(1)</td><td></td><td></td></tr>
<tr><td>(2)</td><td></td><td></td></tr>
<tr><td rowspan="2">(2)</td><td rowspan="2"></td><td>(1)</td><td></td><td></td></tr>
<tr><td>(2)</td><td></td><td></td></tr>
</table>

ખાસ નોંધ :

1. **ઉપરોક્ત કોષ્ટકમાં તારીખ મુજબની યાદી તૈયાર કરી મોકલવાની રહેશે.**
2. **પરીક્ષાને લગતા તમામ પ્રકારના રેમ્યુનેરેશન બિલ હોય તે કામગીરી પૂર્ણ થયાના ૧૫ દિવસમાં યુનિવર્સિટીના ઇન્વર્ડ શાખામાં ભવન/કોલેજના અધ્યક્ષશ્રીઓ/આચાર્યશ્રી મારફત જમા કરાવવાનાં રહેશે જેથી બિલની ચુકવણી સમયસર કરી શકાય**

ડૉ. ડી. એચ. સુખડીયા
પરીક્ષા નિયામક

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૪૭૨/૨૦૨૨, તા.૦૩/૧૦/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
પ્રતિ, યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

**નકલ રવાના:-**
(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) આઇ.ટી. સેલ (યોગ્ય કાર્યવાહી તેમજ વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે)

જા.નં.:- બીકેએનએમયુ/કોલેજ/પરીક્ષા/ /૨૦ તા. / /૨૦

**પ્રતિશ્રી**
**ટીમ લીડર :**
**સભ્ય :(૧)**
**સભ્ય :(૨)**

**વિષય:- આગામી યુ.જી/પી.જી./બી.એડ./મેડીકલ/પેરામેડીકલ ની પરીક્ષા દરમ્યાન ઓબ્ઝર્વર/સ્કવોડ તરીકેની નિમણુંક બાબત.**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે અત્રેની યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ............................માં લેવાનાર યુ.જી/પી.જી./બી.એડ./મેડીકલ/પેરામેડીકલ ની સેમ/વર્ષ.......................... ની પરીક્ષા .......................... ૨૦....... પરીક્ષામાં ઓબ્ઝર્વર/સ્કવોડ તરીકે નિમણુંક કરવામાં આવે છે. આપશ્રીને તા......................... ફાળવવામાં આવેલ કેન્દ્ર...................................................... ની મુલાકાત લઇ જે તે પરીક્ષા કેન્દ્રનો આપશ્રીનો અહેવાલ પરીક્ષા નિયામકશ્રીને બીજે જ દિવસે મોકલી આપવાનો રહેશે.પરીક્ષા સ્થળ અંગેની માહિતી પરીક્ષાના આગળના દિવસે આચાર્યશ્રી/સ્કવોડમાં જનાર અધ્યાપકો ના મોબાઇલ પર આપવામાં આવશે. સ્કવોડના બીલ ૩૦ દિવસની અંદર જરૂરી દસ્તાવેજો સાથે રજુ કરવાના રહેશે.

**નોંધ :- આચાર્યશ્રી દ્વારા સ્કવોડની ટીમ બનાવ્યા બાદ ફેરફાર કરી શકાશે નહી. જો ફેરફાર કરવાનો થાય તો આચાર્યશ્રીની મંજુરીથી આંતરિક ફેરબદલી કરી શકાશે તેમજ આચાર્યશ્રી દ્વારા પ્રાધ્યાપકોને સ્કવોડ/ઓબ્ઝર્વરના ઓર્ડર સાથે પરીક્ષા કેન્દ્ર પર મોકલવાના રહેશે અને પરીક્ષા કેન્દ્ર પર કોપી કેસ કરવામાં આવેલ હોય તેવાં કિસ્સામાં સ્કવોડની હાજરીમાંજ ઉતરવહી સીલ પેક કવરમાં સ્કવોડ સભ્યોની સહી કરવાની રહેશે.**

**આચાર્યશ્રી દ્વારા ટીમ લીડર તેમજ સભ્યનો ઓર્ડર સહી, સીક્કો તેમજ કોલેજ દ્વારા આઉટવર્ડ નંબર આપી ઓર્ડર આપવાનો રહેશે. પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા ચાલુ થવાનાં ૩૦ મિનિટ પહેલાં પહોચવાનું રહેશે અને તેનું રિપોર્ટીંગ CCTV મોનીટરીંગ નં. (૦૨૮૫) ૨૬૮૧૪૧૦ પર કરવાનું રહેશે તેમજ પરીક્ષા પુર્ણ થાય ત્યાં સુધી સ્થળ પર ઉતરવહીઓનું પેકિંગ થયા બાદ ઓબ્સર્વરની સહીથી સીલબંધ કવરમાં પેક થાય ત્યાં સુધી હાજર રહેવાનું રહેશે.**

આચાર્યશ્રી/ભવનના અધ્યક્ષશ્રીના
સહી/સીક્કો

કોલેજ/ભવનનો
સિલ

ડૉ. ડી. એચ. સુખડીયા
**પરીક્ષા નિયામક**